

દો બુંદ - ત્રિદિવસીય પલ્સ પોલીયો અભિયાનના પ્રારંભે રવિવારે ગાંધીનગર શહેરમાં સઘન ઝુંબેશ શરૂ કરાઈ છે. જિલ્લા આરોગ્ય તંત્ર, મનપા અને રોટરી ક્લબના કાર્યકરોએ એસટી ડેપો, સેવાવસ્તી અને બાંધકામ સાઈટો પર પ્રશંસનીય કામગીરી કરી બાળકોને પોલીયોના ટીપાં પીવડાવ્યા હતા. ગાંધીનગર રોટરી ક્લબના સભ્યોની સક્રિય ભૂમિકા અભિનંદનીય રહી.

# બાળકો માટે પ્રથમવાર સે-૧૯ જીમખાનામાં સ્વીમીંગ પુલ બનશે

**સ્વીમીંગ પુલ પાછળ રૂ ૩૦ લાખનો ખર્ચ કરાશે : હયાત સ્વીમીંગ પુલ અને પાર્કીંગ પ્લેસનુ પણ રીનોવેશ કરાશે ત્રણેય કામગીરી પાછળ કુલ ૧.૫૦ કરોડ ખર્ચાશે**

ગાંધીનગર તા ૨૮

ગાંધીનગરમાં હાલ સે-૧૫ અને સે-૧૯ ખાતે સ્વીમીંગ પુલ છે. પરંતુ બાળકો માટે એક પણ સ્વીમીંગ પુલ નથી. જેના લીધે સ્વીમીંગ શિખવા ઈચ્છુક બાળકોએ નારાજ થવાનો વારો આવે છે. પરંતુ હવે સે-૧૯ જીમખાનામાં બાળકો માટે ખાસ સ્વીમીંગ પુલ તૈયાર કરવાનુ આયોજન કરવામાં આવ્યુ છે. દોઢ ફુટ ઉંડા આ પુલના નિર્માણ પાછળ રૂ ૩૦ લાખનો ખર્ચ અંદાજવામાં આવ્યો છે.

ગાંધીનગરમાં રમત ગમતની પ્રવૃતિઓને પ્રોત્સાહીત કરવા માટે વિશિષ્ટ આયોજન કરવામાં આવે છે. સે-૧૫ માં સ્થિત સાંઈ કોમ્પલેક્ષમાં પણ અનેકવિધ રમતો માટે વિવિધ પ્રકારની અદ્યતન સવલતો છે. જયારે સે-૨૧ જીમખાનાને પણ અગાઉ અપગ્રેડ કરવામાં આવ્યુ છે.

● અનુસંધાન પાન-૭ પર

# ફાસ્ટફુડ અને બેઠાડુ જીવનથી દુ:ખાવામાં ૫૦ ટકાનો વધારો

અમદાવાદ,તા.૨૮

ત્રણ હજાર વર્ષ જૂની પ્રાચીન આયુર્વેદ પધ્ધતિ અગ્નિકર્મ(આયુર્વેદ પેઈન મેનેજમેન્ટ) વિષય પર આજે શહેરના ગ્લોબલ અગ્નિકર્મ સેન્ટર દ્વારા ૪થા રાષ્ટ્રીય સેમીનાર અને વર્કશોપનું આયોજન અમદાવાદ ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં દેશ-વિદેશના આયુર્વેદ નિષ્ણાતો હાજર રહ્યા હતા, તો, ૫૦૦થી વધુ વૈદ્યો, વિદ્યાર્થીઓ અને તબીબોએ પણ ભાગ લીધો હતો. આ પ્રસંગે મૂળ ભારતીય પરંતુ હાલ લંડન સ્થિત વિશ્વના જાણીતા આયુર્વેદ કન્સલ્ટન્ટ અને રિસર્ચર વૈદ્ય અશ્વિન બારોટે જણાવ્યું હતું કે, આધુનિક જીવનશૈલી, ફાસ્ટફુડ અને અનિયમિત ખાન-પાન અને બેઠાડુ જીવનથી લોકોના શરીરમાં એક યા બીજા પ્રકારના દુ:ખાવામાં ૫૦ ટકાનો વધારો થયો છે. શરીરના સાંધાના દુ:ખાવાઓમાં અગ્નિકર્મ રામબાણ ઈલાજ છે અને તે દર્દીને કાયમી નિરાકરણમાં કારગત નીવડે છે. અગ્નિકર્મ સરળ, સસ્તી અને અસરકારક ઈલાજ છે. મોર્ડન દવાઓ તમને દુ:ખાવામાં રાહત આપે છે પરંતુ તેની આડઅસરો બહુ મોટી અને ખતરનાક હોય છે. ત્રણ હજાર વર્ષ જૂની પ્રાચીન એવી આપણી ભારતીય આયુર્વેદ પધ્ધતિ અગ્નિકર્મ લુપ્ત થઈ રહી છે અને તેથી તેને બચાવવાના ઉમદા આશય સાથે આ રાષ્ટ્રીય સેમીનાર અને વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું છે એમ કહેતાં વૈદ્ય અશ્વિન બારોટે વધુમાં જણાવ્યું કે, અગ્નિકર્મ પધ્ધતિમાં એક સલાકા હોય છે, જે અમુક ચોકકસ તાપમાન પર ગરમ કરીને દર્દીના શરીરમાં જયાં દુ:ખાવો હોય તેના નિયત ચોક્કસ પોઈન્ટ પર તેને બાળવામાં આવે છે, જો કે, તે પછી તરત જ એક આયુર્વેદ ક્રિમ-લેપ તેની પર લગાવી દેવાનો હોય છે, તેના કારણે દર્દીને તરત જ ઠંડક અને રાહત થઈ જાય છે. જો કે, આ અગ્નિકર્મ આપવા માટે ખાસ પ્રકારની ટેકનીકલ સ્કીલ જોઈએ. પરંતુ આપણી આ પ્રાચીન આયુર્વેદ પધ્ધતિ ઘૂંટણના, સ્પાઈન, સર્વાઈકલ, નસ, ગાદીની તકલીફ, સાંધાનો વા, સાયટીકા, રાંઝણ, ફ્રોઝન શોલ્ડર, ટેનીસ એલ્બો, એડીનો દુ:ખાવો, માઈગ્રેન(આધાશીશી) સહિતના મોટાભાગના તમામ દુ:ખાવા અને દર્દમાં રામબાણ ઈલાજ છે.

**આયુર્વેદ પદ્ધતિ ઘૂંટણ, સ્પાઇન, સર્વાઇકલ સહિતના ઘણા દુ:ખાવા-દર્દમાં રામબાણ ઇલાજ છે : વૈદ્ય અશ્વિન બારોટ**

# ગાંધીનગરમાં વળતો શિયાળો આકરો બન્યો

**ઠંડીનો પારો છેલ્લા પાંચ દિવસથી ૧૦ ડિગ્રીથી નીચે : ઠંડીમાં અંશત : રાહત લઘુત્તમ તાપમાન ૯.૫ ડીગ્રીએ : કોલ્ડવેવથી નગરજનો ઠુંઠવાયા**

ગાંધીનગર તા ૨૮

ગાંધીનગર ઠંડીની દ્રષ્ટીએ પણ રાજયમાં પ્રથમ હોવાનુ સ્પષ્ટ થયુ છે. બે દિવસ અગાઉ શહેરનુ લઘુત્તમ તાપમાન ૭.૫ ડી ગ્રી પહોંચી જતા સિઝનની મહત્તમ



ઠંડી નોંધાઈ હતી. છેલ્લા પાંચ દિવસથી ઠંડીનો પારો ૧૦ ડી ગ્રી થી નીચે રહેતા નગરજનો કોલ્ડવેવથી ધ્રુજી રહયા છે. હાડ થીજવતી ઠંડીના લીધે નગરનુ જનજીવન વિશેષ રીતે પ્રભાવિત થયુ છે. આજે પણ ઠંડીનો પારો ૯.૫ ડી ગ્રી રહયો હતો જો કે ગત દિવસોની સાપેક્ષમાં ઠંડીનુ પ્રમાણ ઘટયુ છે. પરંતુ નગરજનો દિવસ દરમિયાન પણ ઠંડીનો અહેસાસ કરી રહયા છે. આજે પણ લઘુત્તમ અને મહત્તમ તાપમાનમાં ત્રણ ગણો તફાવત જોવા મળ્યો હતો.

ગાંધીનગરમાં શિયાળાની મોસમ જામી છે. બે દિવસ અગાઉ ઠંડીનો પારો ૭.૫ ડી ગ્રીએ પહોંચી જતા નગરજનોએ સિઝનની રેકર્ડ બ્રેક ઠંડી અનુભવી હતી. અગાઉ શેહરમાં સિઝનનુ મહત્તમ તાપમાન ૮ ડી ગ્રી સુધી પહોંચ્યુ હતુ. પરંતુ ત્યારબાદ જાન્યુઆરીના અંતમાં ફરી એકવાર ઠંડીએ જોર પકડતા ૭.૨ ડી ગ્રી સાથે ગાંધીનગર રાજયનુ સૌથી ઠંડુ શહેર બન્યુ હતુ. છેલ્લા ચાર પાંચ દિવસથી નગરજનો કાતિલ ઠંડીનો અનુભવ કરી રહયા છે. ઠંડીનો પારો છેલ્લા પાંચ દિવસથી ૧૦ ડી ગ્રીની નીચે રહેતા નગરજનો દિવસ દરમિયાન પણ ઠંડીનો અહેસાસ કરી રહયા છે. કાતિલ ઠંડીના લીધે શહેરીજનો ગરમ કપડામાં લપેટાયેલા જોવા મળી રહયા છે. જયારે કામ સિવાય ઘરની બહાર નિકળવાનુ પસંદ કરતા નથી. ઠંડીના ઉગ્ર મિજાજના લીધે નગરનુ જનજીવન પ્રભાવિત થયુ છે. સાંજ ઢળતા જ ઠંડીનુ મોજુ ફરી વળે છે. જયારે રાત્રિના સમયે નગરના મુખ્યમાર્ગો તેમજ સેકટરોની શેરીઓમાં સુનકાર પ્રવર્તે છે. ગઈકાલે પણ ઠંડીનો પારો ૯ ડી ગ્રી રહયો હતો. જયારે આજે લઘુત્તમ તાપમાન ૯.૫ ડી ગ્રી રહયુ હતુ. ગઈકાલની સાપેક્ષમાં ઠંડીમાં હળવી રાહત અનુભવી હતી. પરંતુ લઘુત્તમ તાપમાનમાં કોઈ ખાસ ફેરફાર ન હોવાથી કોલ્ડવેવની અસર બરકરાર રહી હતી. મહત્તમ તાપમાન ૩૦ ડી ગ્રી રહયુ હતુ. આમછતા નગરજનોએ દિવસ દરમિયાન ઠંડી અનુભવી હતી. ઠંડીનો પારો સતત જળવાઈ રહેતા નગરને ઠંડીએ બાનમાં લીધુ છે. વાતાવરણમાં સવારે ભેજનુ પ્રમાણ ૭૮ ટકા અને સાંજે ૩૧ ટકા રહયુ હતુ.

# આજે માણસા નગરપાલિકાની ચૂંટણી માટે જાહેરનામુ પ્રસિદ્ધ થશે

**૨૮ બેઠકો અને ૭ વોર્ડ : બન્ને મુખ્ય સ્પર્ધક પક્ષો ૧લી અથવા રજીએ ઉમેદવારોની પસંદગીને આખરીરૂપ આપશે એવુ અનુમાન**

ગાંધીનગર, તા. ૨૮

આજે માણસા નગર પાલિકાની સામાન્ય ચૂંટણી યોજવા અંગેનું જાહેરનામુ પ્રસિદ્ધ થશે અને તે સાથે જ આ નગરપાલિકાની ચૂંટણી માટે ઉમેદવારી પત્ર ભરવાની પ્રક્રિયાનો પ્રારંભ થશે.

માણસા નગરપાલિકામાં સાત વોર્ડ છે અને ૨૮ બેઠકો છે. આ ચૂંટણી માટે ૨૯ હજારથી વધુ મતદારો માટે ૩૫ મતદાન મથકો બનાવવામાં આવ્યા છે.

નગરપાલિકાની ચૂંટણી માટે બન્ને પક્ષો દ્વારા ઉમેદવારોની પસંદગીને લઈ કવાયત તેજ બનાવી દેવામાં આવી છે. ઉમેદવારોની યાદી ૧લીએ સાંજ સુધીમાં થઈ જશે તેમ મનાઈ રહ્યું છે. આ ચૂંટણીમાં પણ ભાજપ-કોંગ્રેસ વચ્ચે જ સીધો જંગ ખેલાશે.

માણસા નગરપાલિકામાં ભાજપ સત્તાધારી પક્ષ હતો. આ નગરપાલિકાની ચૂંટણી નવા સીમાંકન સાથે યોજાઈ રહી છે. આ વખતના ચૂંટણી જંગમાં કોંગ્રેસ બરાબરીની ટક્કર ભાજપને આપશ ેતેમ મનાઈ રહ્યું છે.

નગરપાલિકાની આ ચૂંટણીમાં વિકાસ એ જ પ્રચારનો મહત્વનો મુદ્દો બનશે તેમ મનાઈ રહ્યું છે. આ ચૂંટણીમાં અપક્ષ ઉમેદવારો પણ ચૂંટણીના પરિણામો

● અનુસંધાન પાન-૭ પર

# માણસા વિજાપુર રૂટની બસ સેવા દસ દિવસના અંતે પણ નિયમિત થઈ નથી

**આ રૂટમાં આવતા ગામોમાં પણ સલામત સવારી નસીબ ન થતા ગ્રામજનોમાં રોષ**

ગાંધીનગર તા ૨૮

ગાંધીનગર થી માણસા વિજાપુર રૂટમાં દોડતી એસ ટી બસ સેવા અઠવાડીયાના અંતે પણ નિયમિત થઈ નથી. જેના લીધે મુસાફરોને હાલાકી વેઠવાનો વારો આવ્યો છે. તોફાનો બાદ ઉત્તર ગુજરાતના રૂટમાં એસ ટી બસ સેવા શરૂ કરી દેવામાં આવી છે. પરંતુ છેલ્લા ૧૦ દિવસથી માણસા વિજાપુર રૂટની બસો બંધ હોવાથી વિદ્યાર્થીઓ સહીત અન્ય મુસાફરોને પણ મુશ્કેલી વેઠવી પડે છે. આ રૂટમાં આવતા લોદ્રા , પુન્દ્રા, પીંપળજ અંબોડ અને ગ્રામભારતી સહીતના ગ્રામજનોને એસ ટીની સલામત સવારી મળતી નથી.

પદમાવત ફિલ્મને અનુલક્ષી અગાઉ બાલવા ચોકડી તેમજ આજોલ પાસે બસમાં આગ ચાંપવાના તેમજ તોડફોડ કરવાના કિસ્સાઓ ધ્યાને આવતા એસ ટી તંત્ર દ્વારા ઉત્તર ગુજરાત રૂટોની

● અનુસંધાન પાન-૭ પર



ધુમ્મસથી છવાયેલી સવાર - શિયાળાની વહેલી સવાર ધુમ્મસથી છવાયેલી હોવાથી ઘડીભર નિહાળવી ગમે એવી હોય છે... સાબરમતી રિવરફ્રન્ટ ખાતે મોર્નિંગ વૉકર્સની સંખ્યા પણ નોંધપાત્ર હોય છે... ઘેરાયેલા ધુમ્મસમાં અને રિવરફ્રન્ટના સ્વચ્છ વાતાવરણમાં મોર્નિંગ વૉકની મજા સંભારણું બની જાય છે....

# પલ્સ પોલિયો અભિયાનમાં શહેરમાં મોળો પ્રતિસાદ

ગાંધીનગર, તા. ૨૮

આજે યોજાયેલ પલ્સ પોલિયો અભિયાનમાં શહેરી વિસ્તારમાં નબળો પ્રતિસાદ જોવા મળ્યો હતો. જયારે ગ્રામ્ય વિસ્તારમાં ગત વર્ષની સરેરાશ જળવાઈ રહેવાની સાથે ૧૭૦૦ જેટલા બાળકોની સંખ્યા ઘટવા પામી છે.

વહેલી સવારથી જિલ્લાની વિવિધ ટીમો દ્વારા પલ્સ પોલિયો અભિયાનનો આરંભ કરાયો હતો. ગ્રામ્ય વિસ્તારમાં લોકોએ સવારથી જ ઉત્સાહ દાખવ્યો હતો અને બપોર સુધીમાં તો ૫૦ ટકાને પણ આંક પાર કરી ગયો હતો.

**પલ્સ પોલિયો અભિયાનના પ્રથમ દિવસે : ગ્રામ્ય વિસ્તારમાં ગત વર્ષ જેટલુ જ કવરેજ : પુંધરામાં સમુહલગ્ન હોવાથી વિશેષ બુથ બનાવ્યુ : ગ્રામીણ વિસ્તારમાં ગત વર્ષની તુલનામાં ૧૭૦૦ બાળકો ઓછા નોંધાયા**

આજના આ અભિયાનમાં પુંધરા પંથકમાં યોજાયેલ સમુહલગ્નમાં પણ બાળકોને આવરી લેવા માટે એક વિશેષ બુથ તંત્ર દ્વારા ઉભુ કરવામાં આવ્યુ હતુ.

ગાંધીનગર શહેરમાં આજે દિવસ દરમ્યાન ૨૦,૦૯૧ બાળકોને આવરી લેવામાં તંત્રને સફળતા મળી હતી. જે લક્ષ્યાંકની ૭૫ ટકા જેટલી કામગીરી થાય છે. શહેરમાં લોકોએ ઓછો ઉત્સાહ દાખવ્યો હતો.

મનપા વિસ્તારમાં મેયર પ્રવિણભાઈ પટેલે સે. ૨૨ ખાતે, ગુડાના ચેરમેન આશિષ દવેએ સેક્ટર-૨૪ ખાતે અને સ્થાયી સમિતિના ચેરમેને સેક્ટર-૨ ખાતે અભિયાનનો આરંભ કરાવ્યો હતો.

ગ્રામીણ વિસ્તારમાં સાંજે



પાંચ વાગ્યા સુધીમાં ૯૨ ટકા બાળકોને આવરી લેવામાં આવ્યા હતા. જિલ્લાતંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ૯૯૦૦ વોયલ રસીના વપરાશમાં લેવાયા હતા.

ગાંધીનગર, દહેગામ, માણસા, કલોલમાં વહેલી સવારથી જ બાળકોને આ અભિયાનમાં રસી પીડવાવવામાં વાલીઓએ ઉત્સાહ દાખવ્યો હતો અને બપોરના ૧૨ વાગ્યા સુધીમાં તો ૬૦ ટકાથી પણ વધુ બાળકોનું રસીકરણ થઈ ગયુ હતુ.

જિલ્લાતંત્રએ ૮ જેટલા લાયઝન અધિકારીઓની નિયુક્તી કરી હતી તે બધા જ અધિકારીઓ તેમને સોંપવામાં આવેલ રૂટો પર ફરી અને સમગ્ર કામગીરીનું મોનીટરીંગ કરતા નજરે પડ્યા હતા.

● અનુસંધાન પાન-૭ પર

# રાજકોટમાં ૧૪ બાઈકો અને બે કાર સળગાવાતા હાહાકાર

અમદાવાદ,તા. ૨૮

રાજકોટના આજીડેમ પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલી ત્રણ સોસાયટીઓની બહાર પાર્ક કરેલ ૧૪ બાઈક અને બે કારને સ્થાનિક અસમાજિક તત્વોએ સળગાવી દેતાં સમગ્ર શહેર ખાસ કરીને સ્થાનિક રહેવાસીઓમાં ભારે હાહાકાર મચી ગયો હતો. પોલીસ તપાસમાં એ હકીકત સામે આવી હતી કે, આરોપીઓએ જવલનશીલ પદાર્થ છાંટી એવી રીતે વાહનોને આગ ચાંપી હતી કે, તમામ વાહનો આગમાં ભસ્મીભૂત અને બળીને જાણે રાખ થઈ ગયા હતા. સમગ્ર ઘટના સીસીટીવીમાં કેદ થઈ ગઈ છે અને એકાદ શખ્સ આગ ચાંપીને ચાલતો જતો નજરે પણ પડે છે, તેથી સીસીટીવી ફુટેજના આધારે પોલીસે આરોપીઓને પકડવાના ચક્રો ગતિમાન કર્યા છે. ઉલ્લેખનીય છે કે, અમદાવાદના સરદારનગર વિસ્તારમાં તાજેતરમાં જ આ પ્રકારે સ્થાનિક અસામાજિક તત્વો દ્વારા ૧૧ વાહનોને આગ ચાંપી સળગાવી દેવાયા હતા. એ પછી પદ્માવત ફિલ્મના વિરોધમાં કરણી સેના અને રાજપૂત સમાજના લોકો દ્વારા ત્રણ-ચાર દિવસ પહેલાં જ એસ.જી હાઈવે પર અને હિમાલયા મોલ સહિતના પાંચેક મલ્ટિપ્લેક્સની બહાર ૧૦૧ જેટલા વાહનોને આગચંપીની જોરદાર ઘટના સામે આવી હતી, જેને પગલે રાજયમાં ખળભળાટ મચી ગયો હતો અને આ વિવાદ હજુ શમે ત્યાં જ ગઈકાલે રાત્રે રાજકોટમાં આજીડેમ પોલીસ સ્ટેશન વિસ્તારની ત્રણ સોસાયટીઓની બહાર પાર્ક કરાયેલા ૧૪ બાઈક અને બે કારને કેટલાક અસામાજિક તત્વો આગ લગાડી સળગાવી દીધા હતા. આટલા બધા વાહનોમાં આગચંપીની ઘટનાને પગલે સ્થાનિક રહીશોમાં ઉગ્ર આક્રોશની લાગણી ફેલાઈ ગઈ હતી, જેને લઈ સ્થાનિક પોલીસ પણ હરકતમાં આવી હતી. પોલીસે સીસીટીવી ફુટેજના આધારે સમગ્ર પ્રકરણમાં તપાસ હાથ ધરતાં એક શખ્સ કેટલાક વાહનને આગચંપી કરી ચાલતો જતો નજરે પડી રહ્યો છે, તેથી પોલીસે સીસીટીવી ફુટેજમાં કેદ થયેલા શખ્સોની ઓળખ કરવા અને તેઓની ધરપકડના ચક્રો ગતિમાન કર્યા છે.

**ઘટના સીસીટીવીમાં કેદ : પોલીસે તપાસ શરૂ કરી**

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ
કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
BRIDGESTONE
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

સંસ્કૃતિ
"સંસ્કૃતિ" સંસ્થા, ગાંધીનગર
'રાજધાનીનાં રતન'
'સંસ્કૃતિ' દ્વારા ગાંધીનગર શહેર અને જિલ્લામાં વસતા કલાકારોની એક ડિરેકટરી બનાવવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. આ કામગીરી તેના સક્રિય તબક્કામાં પ્રવેશી ચૂકી છે ત્યારે સંસ્થા દ્વારા એવી કાળજી લેવાઈ રહી છે કે આ ડિરેકટરીમાં પાટનગરના તમામ અગ્રણી તેમજ જેમનું પ્રદાન નોંધનિય છે અને જેમનું પ્રદાન અત્યંત આશાસ્પદ છે એવા તમામ કલાકારોનો આમાં સમાવેશ થઈ જાય. આ માટે તમામ કલાકારોને ફરીથી વિનંતી કરવામાં આવે છે જેઓએ આ કલા ડિરેકટરી માટે પોતાની વિગતો ન આપી હોય તો સત્વરે આપીને આ એક કલા વિષયક સેવા પ્રવૃત્તિને પ્રોત્સાહન આપે.
નિયત ફોર્મ મેળવવા માટે સંપર્ક :
ડૉ. ચેતના અ. બુચ, પ્લોટ નં. ૨૨૦, અષ્ટલક્ષ્મી એપા., સેકટર-૨૦, ગાંધીનગર મો. ૯૮૨૫૮ ૧૬૦૧૮
શ્રી હરેશ કે. ઠાકર, પ્લોટ નં. ૨૩૧/૧, ડી-ટાઈપ, જુના એમ.એલ.એ. કવાર્ટર, સે.૧૭, ગાંધીનગર. મો. ૯૪૨૭૩ ૧૭૪૪૯
મનોજ શુકલ, મંત્રી-૯૮૨૫૮ ૭૯૫૨૯
રમેશ પટેલ, પ્રમુખ, 'સંસ્કૃતિ' સંસ્થા
સ્થળ સૌજન્ય : કેપિટલ ઓફસેટ-ગાંધીનગર. ફોન : ૨૩૨૧૧૪૮૯, ૨૩૨૪૩૬૨૩

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com